ભારતીય રિઝર્વ બેંક/2006-07/217
સંદર્ભ. નં.ડીજીબીએ.સીડીડી.નં.એચ.10024/15.15.001/2006-07

22 ડિસેમ્બર, 2006

શ્રી જનરલ મેનેજર
સરકારી હિસાબ ખાતુ, વડી કચેરી
સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા / સ્ટેટ બેંક ઓફ ઈન્દોર / સ્ટેટ બેંક ઓફ પતિયાળા
સ્ટેટ બેંક ઓફ બીકાનેર અને જયપુર / સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્ર
સ્ટેટ બેંક ઓફ ત્રાવણકોર / સ્ટેટ બેંક ઓફ હૈદરાબાદ / સ્ટેટ બેંક ઓફ મૈસુર
અલાહાબાદ બેંક / બેંક ઓફ બરોડા / બેંક ઓફ ઈન્ડિયા / બેંક ઓફ મહારાષ્ટ્ર /
કેનેરા બેંક / સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા / કોરપોરેશન બેંક / દેના બેંક / ઈન્ડિયન બેંક /
ઈન્ડિયન ઓવરસિઝ બેંક / પંજાબ નેશનલ બેંક / સિન્ડીકેટ બેંક / યુકો બેંક /
યુનિયન બેંક ઓફ ઈન્ડિયા / યુનાઈટેડ બેંક ઓફ ઈન્ડિયા / વિજ્યા બેંક /
આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ

મહાશય,

***<u>વરિષ્ઠ નાગરિક બચત યોજના, 2004 હેઠળ નામનિયુક્ત તરીકે બિનનિવાસી ભારતીયો અને ભારતીય મૂળની વ્યક્તિઓ - ચોખવટ</u>***

વરિષ્ઠ નાગરિક બચત યોજના, 2004 માં મૂડી રોકાણ કરવા / નામનિયુક્ત કરવા કાર્ડ ધરાવનાર ભારતીય મૂળની વ્યક્તિઓની યોગ્યતા સંબંધી પ્રશ્નો અંગે ખાતરીપૂર્વકની ચોખવટ સાથે મોકલાતા અમારો તા.28 જૂન 2006 નો પરિપત્ર નં.ભારતીય રિઝર્વ બેંક/2005-06/431/સંદર્ભ નં.ડીજીબીએ.સીડીડી.નં.એચ-20692/15.15.001/2005-06, જોવા વિનંતી.

2. ભારત સરકારના આર્થિક બાબતોના વિભાગ, અંદાજપત્ર વિભાગ તરફથી અમને તા.14 ડિસેમ્બર, 2006 નો પત્ર નં.એફ.15/8/2005/એનએસ-II/ગ્રંથ-2 મળ્યો છે. તેમાં એવી સ્પષ્ટતા કરવામાં આવી છે કે આ યોજના અન્વયે બિનનિવાસી ભારતીયોઅને બેવડી નાગરિકતા ધરાવતી વ્યક્તિઓનાં (ભારતીયો અને અન્ય) નામનિયુક્ત કરી શકાશે. પરંતુ થાપણદારના અવસાનના કિસ્સામાં તેઓ ખાતું ચાલું રાખી શકશે નહીં તેમજ સ્વદેશ પ્રત્યાવર્તન માટે તેમને હિસાબની આવક ઉપલભ્ય બનશે નહીં.

3. આ પરિપત્રની હકીકત માહિતી અને અનુપાલન માટે તમારી બેંકની પદનામિત શાખાઓના ધ્યાન પર લાવવી.

4. આ પત્ર મળ્યાની પહોંચ આપવા વિનંતી.

આપનો વિશ્વાસુ,

(બાલુ કે.)
ઉપ મહાપ્રબંધક